દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

બુધવાર ૪ નવેમ્બર, ૨૦૨૬

દિલ્હીમાં ફટકાડા નિયંત્રણો: લોકલાગણી અને પ્રદૂષણ નિયંત્રણ - બંને બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી

દેશની રાજધાનીના શહેર દિલ્હીમાં ત્યાંના શિયાળામાં ઠંડા હવામાન, ગીચ વસ્તી, વાહનોની મોટી સંખ્યા, ઉદ્યોગો વગેરેને કારણે ધુમ્મસ અને ધુમાડા મિશ્રીત સ્મોગની મોટી સમસ્યા સર્જાય છે અને તેથી ત્યાં શિયાળામાં પ્રદૂષણ ખૂબ વધી જાય છે. અધૂરામાં પુરું દિવાળી પણ શિયાળાના પ્રારંભે જ આવે છે અને દિવાળીના દિવસોમાં ત્યાંની વિશાળ વસ્તી મોટા પ્રમાણમાં ફટાકડા ફોડે તેથી વાયુ પ્રદૂષણમાં ઓર ઉમેરો થાય છે. આથી ત્યાં છેલ્લા કેટલાક વર્ષોમાં દિવાળી ટાણે ફટાકડા ફોડવા પર નિયંત્રણો મૂકવામાં આવતા રહ્યા છે પરંતુ તે બાબત ભારે કચવાટ અને વિવાદનો વિષય બને છે. અગાઉ દિવાળી ટાણે ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેતા ભારે લોકરોષ જાગ્યો હતો અને પછી મર્યાદિત નિયંત્રણો અને ગ્રીન ફટાકડા જેવી બાબતો આવી. સુપ્રીમ કોર્ટે મૂકેલા નિયંત્રણોનો અમલ દિલ્હી સરકાર કડક રીતે કરાવી શકતી નથી કે કરાવતી નથી તેને કેટલીક મર્યાદાઓ નડતી હોવા ઉપરાંત લોક રોષનો પણ ડર હોય છે. હવે હાલ દિવાળીના થોડા દિવસો પહેલાં, સુપ્રીમ કોર્ટે ૭ અને ૮ નવેમ્બરે સવારે ૬થી ૭ વાગ્યા દરમિયાન અને રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન દિલ્હી-નેશનલ કેપિટલ રીજન(NCR) માં ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે.

સુપ્રીમ કોર્ટની જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને પ્રશાંત બી. વરાલેની બેન્ચે અવલોકન કર્યું હતું કે ફટાકડા ફોડવાથી ચોક્કસપણે પ્રદૂષણ થશે, અને કોઇ ચોક્કસ ધાર્મિક રંગ ધરાવતી પરંપરામાં જોડવાનો વ્યક્તિગત અધિકાર મર્યાદિત છે અને તે બંધારણીય નિયંત્રણોની ઉપરવટ જઇ શકે નહીં. બેન્ચે કહ્યું છે કે જો કે સંપૂર્ણ પ્રતિબંધ લાદવો એ આદર્શ ઉકેલ જેવો લાગે છે, તેમ છતાં અમારું માનવું છે કે આ અદાલત પાસે આ તબક્કે એ નક્કી કરવા માટે પૂરતો ડેટા નથી કે ફટાકડા ફોડવાથી થતા પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાને હલ કરવા માટે સંપૂર્ણ પ્રતિબંધ શ્રેષ્ઠ ઉકેલ હશે કે નહીં. સ્વાભાવિક છે કે દિલ્હીમાં પ્રદૂષણ ફક્ત ફટાકડા કરતા નથી, બીજા અનેક અને ઘણા મોટા પરિબળો છે કે જે પ્રદૂષણ કરે છે, પરંતુ દિવાળી ટાણે એક સામટા ફટાકડા ફૂટવાથી પ્રદૂષણનું સ્તર ખૂબ ઉંચે જાય છે તે પણ હકીકત છે. જે અનુસાર સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે ૭ અને ૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ માત્ર સવારે ૬ વાગ્યાથી ૭ વાગ્યા અને રાત્રે ૮ વાગ્યાથી ૧૦ વાગ્યાની વચ્ચે જ ફટાકડા ફોડવાની છૂટ આપવામાં આવે. તેણે સ્પષ્ટ કર્યું કે અગાઉ લાદવામાં આવેલો ફટાકડા પરનો સંપૂર્ણ પ્રતિબંધ ૯ નવેમ્બરથી ફરીથી લાગુ થઈ જશે. બેન્ચે આ આદેશ ફટાકડા પરના પ્રતિબંધ અંગેના મામલામાં દાખલ કરાયેલી અરજીઓ પર આપ્યો હતો. મર્યાદિત દરમ્યાન જ ફટાકડા ફોડવાના આદેશનો ભાગ્યે જ ચુસ્ત રીતે અમલ થઇ શકશે તે અત્યારથી જ જણાઇ આવે છે અને દિલ્હીની હાલની સરકાર તો આ અમલ કડક રીતે કરાવવા માટે બહુ ઇચ્છુક નહીં જ હોય.

સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો છે કે હોસ્પિટલો, નર્સિંગ હોમ્સ, પ્રાથમિક અને જિલ્લા આરોગ્ય કેન્દ્રો, વૃદ્ધાશ્રમો અને કોઈપણ સૂચિત શાંતિ ક્ષેત્રો (સાઈલન્સ ઝોન)ના ૩૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડવામાં આવશે નહીં. તેણે જણાવ્યું કે આ વિસ્તારોને 'નો-ક્રેકર ઝોન' તરીકે જાહેર કરવામાં આવશે અને તેને જમીન પર ચિહ્નિત કરીને પ્રકાશિત કરવામાં આવશે. આવા વિસ્તારોમાં ફટાકડા ફોડવા પર નિયંત્રણો વાજબી ગણી શકાય. બેન્ચે ફટાકડાના ઉત્પાદકો અને વેપારીઓ અંગે પણ નિર્દેશો જારી કર્યા છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે ગ્રીન ફટાકડા ધરાવતા બોક્સ સંપૂર્ણપણે સીલબંધ હોવા જોઈએ જેથી તે અનધિકૃત અથવા પરંપરાગત ફટાકડા સાથે ભળી ન જાય. તેણે કહ્યું કે શ્રેણીમાં જોડાયેલા ફટાકડા ('લૂમ') અને હારમાળાઓનું ઉત્પાદન કે વેચાણ કરવામાં આવશે નહીં. પરંતુ આ આદેશનું પણ કેટલું પાલન થશે તે એક સવાલ છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે આ મામલે અગાઉ વિવિધ આદેશોમાં આપવામાં આવેલ દિશાનિર્દેશોનો અમલ ન થવો અને તેની અવગણના કરવી એ પુનરાવર્તિત સમસ્યા રહી છે. અને લાગે છે કે આ વર્ષે પણ અવગણનાનું પુનરાવર્તન જ થશે. દિવાળી પર ફટાકડા ફોડવા એ ભલે ધર્મ સાથે સંકળાયેલી બાબત ન હોય પરંતુ લાંબા સમયથી ચાલતી આવેલી એક પરંપરા છે. દિવાળીના ટાણે ફટાકડા ફોડતા અટકાવવામાં આવે તો લોકોના મનમાં કચવાટ ઉભો થાય તે સ્વાભાવિક છે. વર્તમાન ગ્રીન ફટાકડા ફોડવા માટે આપવામાં આવેલી સમય મર્યાદા બહુ ઓછી છે એમ લાગે છે અને સુપ્રીમ કોર્ટે થોડા વ્યવહારુ બનીને સમય મર્યાદા થોડી વધારવી જોઇએ. લોકલાગણી અને પ્રદૂષણ નિયંત્રણના પ્રયાસો વચ્ચે સમતુલન જળવાય તે ઇચ્છનીય છે.

રેંટિયો અને ખાદી-વસ્ત્ર થકી ગાંધીજીએ વિશ્વને એપ્રોપ્રીએટ ટેકનોલોજીનો વિચાર આપ્યો

૧૯૯૮-૯૯ના વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ સંકર-૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત માટે આ ખેડૂતોએ ઈન્ટિગ્રેટેડ પેસ્ટ મૅનેજમેન્ટ પદ્ધતિ અપનાવી ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર તથા દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચ્યું હોત તો ખેડૂતોને ચાર લાખની આવક થઈ હોત. પરંતુ આ ખેડૂતોએ કપાસમાંથી બીજ છૂટાં પાડી તેને ભુજમાં જિનિંગ માટે મોકલ્યું. ત્યારબાદ મોરબીની અરુણોદય મિલમાં તેમાંથી યાર્ન (તાર) તૈયાર કરાવી, એ જ મિલમાં સફેદ ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. પરિણામે ૧૬,૦૦૦ કિલો રૂમાંથી ૮,૦૦૦ ટી-શર્ટ બન્યાં. તેના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થતાં તેને 'સેમી ઑર્ગેનિક' પ્રમાણપત્ર મળ્યું. બેલ્જિયમમાં ઓક્સફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ. ૨૭૫ લેખે ખરીદી કરવામાં આવી. આ કાર્યથી પ્રભાવિત વિદેશી વેપારીઓએ વધુ ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઑર્ડર આપ્યો.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશોમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર-ઘર સુધી પહોંચાડી. ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીનાં વસ્ત્રોને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને તકનિક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના અનુયાયીઓની સમજણથી પર રહી ગયું. આથી ખાદી વેલ્યૂએડેડ બનવાને બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગઈ એટલું જ નહીં, ગુજરાતના ગાંધી-સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીને તો કહેવું પડ્યું કે, "આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી, કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક કિલો કપાસના રૂ. ૨૨થી ૨૫ મળે છે. એ પ્રમાણે માંડવીના ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે રૂ. ૨૨,૦૦૦ મળ્યા હોત. પરંતુ માંડવી સ્થિત એગ્રોસેલ દ્વારા આ કપાસને જિનિંગ મશીનથી આગળ લઈ જઈ યાર્ન અને વોવલ મશીન સુધી પહોંચાડવા માર્ગદર્શન મળ્યું. પરિણામે એક ખેડૂતને રૂ. ૮૮,૫૦૦ની આવક થઈ. આગામી વર્ષના ટી-શર્ટના ઑર્ડર્સ વધુ આકર્ષક બનાવવા ખેડૂતો તેને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કચ્છના કારીગરોનું ભરતકામ અને છાપકામ કરાવશે. આમ, ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી બનશે.

ગુજરાત રાજ્યે ગુજરાત એગ્રો સર્વિસ સેન્ટરની યોજના દ્વારા ખેતીના માળખામાં આધુનિકીકરણ લાવવાનો પ્રયત્ન કર્યો. પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યાં. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીનાં સ્નાતકો અને વિદ્યાપીઠોના રૂરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત આ ખેતસેવા કેન્દ્રોએ દૂર-દૂરનાં ગામડાંઓમાં ખેતીની નવી પદ્ધતિઓ પ્રચલિત કરી. આથી ગુજરાતનું ખેતઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું.

પરંતુ માંડવીનાં એગ્રોસેલ કેન્દ્રોએ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન પર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે. ઉપરાંત ખેડૂતો પોતાની સિંગદાણામાંથી તેલ અને ખોળ કઢાવી મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા પણ પૂરી પાડી છે.

'પ્રામાણિક ધંધો અને વાજબી નફો'ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના કૃષિકેન્દ્રમાં ખેડૂતોનાં જૂનાં-નવાં સાધનોની લે-વેચની સેવા વિસ્તરી છે. આસપાસનાં ૩૦૦ ગામડાંઓને પણ ખેતઆનુષંગિક સેવાઓથી આવરી લેવાયાં છે.

હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. સિલ્કનાં વસ્ત્રો બહુ રૂપાળાં હોય છે, પરંતુ તેની બનાવટ અત્યંત ક્રૂર છે. શેતૂરનાં પાન ખાઈ ૯૦ દિવસ કોશેટામાં રહેતી ઈયળ પછી સુંદર

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર-ઘર સુધી પહોંચાડી

પતંગિયું બની બહાર આવે છે અને ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર લાખો કોશેટાઓને ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડે છે. આમ, પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ અટકવાની સાથે કરોડો જીવની હત્યા થાય છે.

આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ.આઈ.એમ.ના સહકારથી એગ્રોસેલે કચ્છના ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરી છે. ખારા-ભાંભળા પાણીમાં ઉછરતી ગુજરાત એગ્રો-૧ નામની વેરાયટીના એરંડાને ઓછી માવજત છતાં બીજનો સારો ઉતારો મળે છે. તેના પાન પર નભતી 'બોમ્બિક્સ મોરી' નામની ઈયળથી અહિંસક સિલ્ક બનાવી શકાય છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઇલ એન્જિન સાથે ચાક કટર ફિટ કરી તેના ડાળખાના ભૂકામાંથી ઘરવપરાશ માટે કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ નાયલોન રેઝિનના નિર્માણમાં પણ થાય છે, તેથી તેના તેલના ભાવ ઊંચા રહે છે. એરંડાનો ખોળ ઉત્તમ સેન્દ્રિય ખાતર હોવાથી ખેડૂતો પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી નવી સિઝનમાં વધુ ઉત્પાદનની આશા રાખે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામે જોવાની રાજકીય પક્ષોને ફુરસદ નથી. ત્યારે કપાસના પૂમડાનું કુદરતું બનાવનાર તેમજ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર એગ્રોસેલના કચ્છી માડુઓને સલામ ખપે છે.

ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન પર નર્મદાનું પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેતઉત્પાદન બજારમાં આવશે. તે વેળાએ ડુંગળીના પાકની જેમ અનેક પાકોની બેહાલી થઈ શકે છે. "પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે!" તેવા માઠા દિવસો પણ આવી શકે છે. પરંતુ દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ફળપેદાશો તથા શાકભાજીના ઉત્પાદનમાં વિજ્ઞાન અને મધ્યમ કદની તકનિકનો સમન્વય થાય તો ખેડૂતોની મહેનત બે પાંદડે થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત અને રોજગારલક્ષી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગતાં અટકે અને સ્વસ્થ સમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય.

સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન કરાવનાર એગ્રોસેલ જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

એક રૂપિયાની કિંમત

મનસુખલાલનો કાપડનો વેપાર ધૂમ ચાલતો હતો. તેમના નામના સિક્કા પડતા હતા. મોટા મોટા ગ્રાહકો, મોટા સોદા અને લાંબી ઉધારી અને ભવ્ય દુકાન ઘણા નોકરો ઘણા મોટા ખર્ચા –આ બધું તેમની સફળતાનાં પ્રતીક હતાં. પરંતુ ધીમે ધીમે નસીબ બદલાયું ...બજાર બદલાયું.... ગ્રાહકો ઓછા થયાં, ઉધારી અટકી અને ઘણા પૈસા ડૂબી ગયા અને એક દિવસ દુકાન પર તાળું મારવાની નોબત આવી. મનસુખલાલે નક્કી કર્યું કે હવે તેઓ કોઇ વેપાર નહિ કરે અથવા ફરી એકદમ મોટો વેપાર શરૂ કરશે કારણ કે નાનો વેપાર તેમની પ્રતિષ્ઠાને શોભે નહીં. તેમના જૂના મુનીમ ગોવિંદભાઈએ એક દિવસ તેમને એક રૂપિયાનો સિક્કો આપ્યો.''આ શું કામ?'' મનસુખલાલે પૂછ્યું.



અનુભવી મુનીમજીએ કહ્યું, ''નવી શરૂઆત માટે આજે તમે બજારમાં એક રૂપિયાની એવી વસ્તુ ખરીદો, જેની કોઇને જરૂર હોય. પછી એમાંથી કંઈક મૂલ્ય ઉમેરો અને વેચો. આવું સો વખત કરો. પછી નક્કી કરજો કે તમારે મોટો વેપાર કરવો છે કે નહીં.'' મનસુખલાલને આ વાત હાસ્યાસ્પદ લાગી. તેમણે કહ્યું, ''હું આવી નાની શરૂઆત કરું હું માંગીશ ત્યાંથી લાખો રૂપિયા મળશે અને હું ભવ્ય નવી શરૂઆત કરીશ સમજ્યા.'' મનસુખલાલે મૂડી ઊભી કરવાના પ્રયત્ન કર્યા પણ લાખો રૂપિયા તો દૂર, કયાંયથી કોઇ નાનકડી મદદ પણ મળી નહિ. મુનીમજીએ ફરી બીજો રૂપિયો આપ્યો... બે રૂપિયાથી મનસુખલાલે જૂના કાગળમાંથી નાની થેલીઓ બનાવી અને વેચી. નફો બહુ નાનો હતો, પણ નફો થયો .... પછી તેમણે કપડાના બચેલા ટુકડામાંથી થેલી બનાવવાનું શરૂ કર્યું. એક દરજી સાથે ભાગીદારી કરી. ધીમે ધીમે સ્થાનિક દુકાનોને ફરી વાપરી શકાય એવી થેલીઓ પૂરી પાડવા લાગ્યા. થોડાં વર્ષોમાં તેમનો નવો વ્યવસાય ઊભો થયો.મુનીમજી સાથે જ હતા. આ વખતે તેમણે ઉધારી મર્યાદિત રાખી, ખર્ચનો હિસાબ રોજ કર્યો. એક દિવસ મનસુખલાલે ગોવિંદભાઈને પૂછ્યું, ''તમે મને આપેલા એક એક રૂપિયાથી જ આ શરૂઆત થઇ છે.'' ગોવિંદભાઈ બોલ્યા, ''તમારી પાસે આવડત અને વેપારી સમજ હતી પણ તમારી નજર મોટા આંકડાઓ પર અટકી ગઈ હતી. નાની વાત અને વસ્તુઓ પર તમે ધ્યાન આપતા ન હતા.મોટા સોદા કરવામાં નુકસાન ગયું હતું એટલે તમારે ફરીથી એક રૂપિયાનું મૂલ્ય જાણવું જરૂરી હતું.'' મનસુખલાલે એ દિવસે ફરી મુનીમજી પાસે એક રૂપિયો માંગ્યો અને તે એક રૂપિયાનો સિક્કો પોતાની નવી ઓફિસમાં મઢાવીને રાખ્યો. જીવનમાં નિષ્ફળતા મળે ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ નથી કે આપણે કેટલું ગુમાવ્યું. પ્રશ્ન એ છે કે હવે આપણું કૌશલ, સમજ અને વિશ્વાસ ફરીથી કેવી રીતે ઊભાં કરવાનાં છે. નાની શરૂઆત પ્રતિષ્ઠા ઘટાડતી નથી; તે વાસ્તવિકતાની નજીક લઈ જાય છે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

રામલીલા મેદાનના વિરોધ પ્રદર્શન પછી રાહુલ ગાંધીનું આગળનું પગલું શું હશે?

વિપક્ષ માત્ર રાજકીય દબાણ કે સાંસદોની સંખ્યાના બળે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને રાજીનામું આપવા મજબૂર કરી શકે તેમ નથી. સીઈસીને હટાવવા માટે કડક બંધારણીય મહાભિયોગ પ્રક્રિયા જરૂરી છે અને હાલમાં વિપક્ષ પાસે આ પ્રક્રિયા પસાર કરવા માટે જરૂરી સાંસદોનું સંખ્યાબળ નથી. રાજ્યસભાના સભાપતિ અને લોકસભાના સ્પીકરે માર્ચ અને એપ્રિલ 2026માં વિપક્ષી સાંસદો દ્વારા રજૂ કરાયેલા મહાભિયોગના પ્રસ્તાવો અગાઉ જ ફગાવી દીધા હતા. બંધારણ હેઠળ સીઈસીને માત્ર સાબિત થયેલા ગેરવર્તન અથવા અક્ષમતાના આધારે સંસદીય મહાભિયોગ દ્વારા હટાવી શકાય છે. આ માટે લોકસભા અને રાજ્યસભા બંનેમાં કુલ સભ્ય સંખ્યાની બહુમતી તેમજ હાજર રહીને મતદાન કરનારા સભ્યોની બે-તૃતીયાંશ બહુમતી જરૂરી છે. જોકે, શાસક ભાજપને ફાયદો પહોંચાડવા માટે મતદાર યાદીઓની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સંબંધિત નિર્ણયો લેવાના આરોપો હેઠળ જ્ઞાનેશકુમાર પર થયેલા હુમલાઓ છેલ્લાં 12 વર્ષમાં નરેન્દ્ર મોદી સરકાર માટે સૌથી મોટો રાજકીય પડકાર બનીને ઊભર્યા છે.

આ મુદ્દાએ દેશની રાજધાની સહિત અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનોને વેગ આપ્યો છે અને વિપક્ષ માટે એક થવાનું કેન્દ્રબિંદુ બન્યો છે. ટીકાકારો ભાજપ પર પોતાનાં ચૂંટણી હિતો માટે ભારતીય ચૂંટણી પંચ ની સ્વાયત્તતાને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવી રહ્યા છે. 12 ઓક્ટોબરે ઈન્ડિયા ગઠબંધનના નેતાઓએ કુમારના રાજીનામાની માગણી સાથે નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ કરી હતી. 31 ઓક્ટોબરે મતદાર યાદીના એસઆઈઆરમાં કથિત અનિયમિતતાઓ અંગે તેમનું 'જાહેર મહાભિયોગ' કર્યું હતું. ત્યાર બાદ 1 નવેમ્બરે રામલીલા મેદાન ખાતે વિશાળ રેલી યોજી હતી.

જોકે, દિવસો સુધીની તૈયારીઓ છતાં રેલી પછી વિપક્ષના કાર્યકર્તાઓ કોઈ ચોક્કસ ભવિષ્યની યોજના વિના વિખેરાઈ ગયા. એ પણ એવા સમયે જ્યારે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ચૂંટણીઓ નજીક આવી રહી છે. વિપક્ષી પક્ષો કોઈ સુસંગત યોજના વિના ભાજપ અને એનડીએનો સામનો કેવી રીતે કરી શકે? શું ચૂંટણી જીતવામાં કોંગ્રેસની

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

EVM ટેમ્પરિંગની ફરિયાદોની જેમ 'વોટ ચોરી'ના આરોપને સમર્થન આપતા અત્યાર સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી

અસમર્થતાને કારણે રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ સામે ફરિયાદોનો મુદ્દો ઊભો કર્યો છે? શું તેમની પોતાની પાર્ટીમાં ચૂંટણી જીતવા માટે સંગઠિત આંદોલનનો અભાવ છે? સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે રામલીલા મેદાનની રેલીનો ઉપયોગ જમીની સ્થિતિ સમજવા અને આગામી યુપી વિધાનસભા ચૂંટણી માટે પોતાનો સંદેશ મજબૂત કરવા કર્યો હતો. તેમણે અયોધ્યાના રામમંદિરમાં 'ચંદા ચોરી' સહિતના ચૂંટણી મુદ્દાઓ ઉઠાવ્યા હતા. સાથે જ પીલીભીતની મતદાર યાદીમાં કથિત ગેરરીતિ અંગે ભાજપ અને ચૂંટણી પંચ પર હુમલો કર્યો હતો. રાહુલ ગાંધીના ટીકાકારોનું કહેવું છે કે તેઓ અને અન્ય વિપક્ષી નેતાઓ ચૂંટણી અંગે સતત પોતાના મુદ્દા બદલતા રહે છે. થોડાં વર્ષો પહેલાં ઈવીએમ ટેમ્પરિંગનો મુદ્દો ઉઠાવી 99 ટકા બેટરી લેવલ ધરાવતા ઈવીએમ ભાજપને જીત અપાવે છે, જ્યારે 60 કે 70 ટકા બેટરી લેવલ ધરાવતા ઈવીએમ કોંગ્રેસને ફાયદો કરાવે છે, એવો આરોપ મૂકાયો હતો. ઈસીઆઈએ આ દાવાને ફગાવી સ્પષ્ટ કર્યું હતું કે કંટ્રોલ યુનિટની બેટરીને ચૂંટણી પરિણામો સાથે કોઈ સંબંધ નથી. ઉમેદવારોના પોલિંગ એજન્ટોની હાજરીમાં ઈવીએમમાં નવી, નોન-રીયુઝેબલ અલ્કલાઈન બેટરી લગાવી સીલ કરવામાં આવે છે.

ત્યાર બાદ રાહુલ ગાંધી અને તેમની પાર્ટીએ કોઈ માન્ય પુરાવા આપ્યા વિના 'વોટ ચોરી'નો મુદ્દો ઉઠાવ્યો. તાજેતરની એક પત્રકાર પરિષદમાં તેમને પૂછવામાં આવ્યું કે વોટ ચોરીની જાણ તેમને ક્યારે અને કેવી રીતે થઈ? જવાબમાં તેમણે કહ્યું હતું કે, ''જ્યારે હું 1977માં સાત વર્ષનો હતો ત્યારે ઇંદિરાજી વડાં પ્રધાન હતાં. તેમના સહિત દરેક જણ જાણતાં હતાં કે તેઓ હારી રહ્યાં છે. એવી એક ફીલિંગ આવે છે.'' તેમણે સ્વીકાર્યું કે આ લાગણી એક વાર ખોટી પડી શકે, પરંતુ બીજી, ત્રીજી કે ચોથી વાર નહીં. રાહુલે વધુમાં કહ્યું કે છેલ્લી બે-ત્રણ ચૂંટણીઓમાં ટેક્નિકલ નિષ્ણાતોએ તેમને ગેરરીતિની શક્યતા અંગે શંકા વ્યક્ત કરી હતી. આમ, તેમના દાવાનો આધાર લાગણી અને શંકા હોવાનું જણાય છે.

વિપક્ષ કોઈ નક્કર પુરાવા વિના રાષ્ટ્રપતિ પાસે પણ પહોંચ્યો હતો. રાષ્ટ્રપતિએ તેમને પુરાવા વિના ફરિયાદો ન લાવવા સમજાવ્યા હતા. મુલાકાત બાદ રાહુલ ગાંધીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે રાષ્ટ્રપતિએ તેમની ચિંતાઓને ફગાવી કેમ ન દીધી. તેમણે દલીલ કરી હતી કે ચૂંટણીમાં છેતરપિંડી થઈ નથી તે સાબિત કરવાની જવાબદારી શાસક પક્ષની છે. EVM ટેમ્પરિંગની ફરિયાદોની જેમ 'વોટ ચોરી'ના આરોપને સમર્થન આપતા અત્યાર સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. દેશમાં ક્યાંય સામાન્ય મતદારોએ પોતાનો મત ચોરાયો હોવાની ફરિયાદ કરી નથી.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બેલેટ પેપર પાછાં લાવવાની માગણી કરી હતી. પરંતુ ઓક્ટોબરમાં બેલેટ પેપરથી યોજાયેલી સિલચર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસ 42માંથી માત્ર બે વોર્ડમાં જીતી હતી. ભાજપે 32 અને તેના સહયોગીઓએ બે વોર્ડ જીત્યા હતા.

આ અઠવાડિયાની શરૂઆતમાં ઉત્તર પ્રદેશ, બિહાર, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં વિધાન પરિષદની 28 બેઠકો માટે બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીઓમાં કોંગ્રેસને માત્ર એક બેઠક મળી હતી, જ્યારે ભાજપ અને તેના સહયોગીઓએ 16 બેઠકો જીતી હતી. કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં પણ એનડીએએ તમામ ચાર બેઠકો જીતી લીધી હતી. આ ચૂંટણીઓમાં સ્નાતકો અને શિક્ષકો મતદારો હતા.

શું રાહુલ ગાંધી અને કોંગ્રેસે રાજકીય વાપસી માટે માત્ર ચૂંટણી પંચ સામે પ્રચાર કરવાને બદલે જમીની સ્તરે વધુ કામ કરવાની જરૂર છે?.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કરદાતાઓને ભજિયાનો ડામ

સુરત મનપાની સભામાં રૂપિયા ૭૫૦ પ્રતિ કિલોના તોતિંગ ભાવે રૂપિયા ૧ લાખના ૧૩૧ કિલો ભજીયાં ઓડકારાઇ ગયાં, જે સૂર્યનગરીમાં ચર્ચાનો વિષય બની ગયો અને સુરતના પ્રવર્તમાન મેયરે ગુણવત્તાયુક્ત ઓઇલ ફ્રી ભજીયાં ખાવાની તમામ ઘટનાનું સ્પષ્ટીકરણ કર્યું, જે ખરેખર પ્રજા માટે દાઝ્યા પર ભજીયાનો ડામ છે. સામાન્ય નાગરિક મોંઘવારી અને રસ્તા પરના ખાડા જોઈને પ્રજાનાં હાડકાં ઢીલાં થાય છે. પરંતુ નગરસેવકો અને સરકારી બાબુઓ "હેલ્ધી અને ક્વોલિટી"ના બહાને લાખોના ગોટા ચાવે છે. અરે સાહેબ, "બોલે તેનાં બોર વેચાય" એ સાંભળ્યું હતું પણ અહીં તો "બેસે તેનાં ભજીયાં તળાય" જેવો તાલ છે! આ ઓઈલ-ફ્રી નાસ્તાએ તો કરદાતાઓના ખિસ્સાનું તેલ કાઢી નાખ્યું! શું હજુ પણ કેટલાંય દબાયેલાં કૌભાંડો બહાર આવીને કરદાતાઓને ડામ આપશે?

સુરત - યુનુસ શેખ

સંબંધ માટે અનુકૂલન

માનવ જન્મથી જ ઘણા બધા સંબંધો સાથે સંકળાયેલો હોય છે. માતૃપક્ષ અને પિતૃપક્ષમાં સગાં સાથે આજીવન સંબંધ નિભાવવાનો હોય છે પણ મહાન સંત કવિ તુલસીદાસના મત મુજબ, "તુલસી ઈસ સંસારમેં ભાત ભાતકે લોગ, સબસે હિલમિલ ચાલીએ, નદી, નાવ, સંજોગ". પ્રત્યેક વ્યક્તિના સ્વભાવ, ગુણ, વાણી, વર્તન અલગ અલગ હોય છે. કોઈ ક્રોધી, કોઈ ચતુર, કોઈ સાલસ, કોઈ સ્વાર્થી તો કોઈ નિઃસ્વાર્થ. સંબંધ જાળવવો હોય તો સામેવાળી વ્યક્તિના સ્વભાવને પણ અનુકૂળ થવું જરૂરી પણ વાત આત્મસન્માનની હોય તો નમ્રતાપૂર્વક સંબંધને અળગો કરી શકાય. માનવી સામાજિક પ્રાણી છે. માનવીને સમાજની આગવી જરૂરિયાત છે, એટલે સગાં - સંબંધી - મિત્રો સાથે અનુકૂલન સાધવું મહત્ત્વની બાબત કહેવાય. ક્યારેક પરિવારમાં પણ, "જતું કરવાની" વૃત્તિથી પારિવારિક શાંતિ જળવાઈ રહે છે, "નમ્યા તો સૌને ગમ્યા", એ ઉક્તિ માનસિક શાંતિ માટે આવશ્યક બની જાય. અહમ્ અને અંહકારની ગેરહાજરી સંબંધ સાચવવાની બુનિયાદ છે, કોઈ પણ માનવી સર્વગુણસંપન્ન કે બત્રીસલક્ષણો હોતો નથી. સૌમાં કંઈ ને કંઈ ખાસિયત અને ત્રુટિ હોય જ છે. આ બંને ગુણ સાથે સ્વીકારી લઈએ તો સંબંધ સમજણના સેતુથી સચવાઈ રહે છે. મૌન સર્વાર્થ સાધનમ્ પણ જ્યારે સત્ય બોલવાનું આવે ત્યારે મૌન અયોગ્ય કહેવાય. આપણા મૌનથી અન્ય વ્યક્તિને અન્યાય ન જ થવા દેવાય.

સુરત - નેહા શાહ

આપણા તહેવારો

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે, જેમાં જુદા જુદા ધર્મનાં લોકો રહે છે. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન દરેક પોતપોતાના ધર્મ પ્રમાણે ઉત્સવની ઉજવણી કરે છે. જેમાં દરેકની શ્રદ્ધા અને આસ્થા જોડાયેલી છે. ભારત આઝાદ થયા ૭૫ વર્ષ પૂર્ણ કર્યાં છતાં આ બધી જે નીતિ અને કોમો એકબીજા સાથે સંપીને સુમેળથી રહે છે એ જ દેશની એકતા અને અખંડિતતા છે. ધર્મો વચ્ચે ભેદભાવ ખરો પણ ઈર્ષા અને દ્વેષ કામ કરતાં નથી અને તેથી જ દરેક ધર્મ એક બની ભારતને અખંડિતતાનું બિરુદ અપાવે છે. ધર્મની લડાઈઓ કે આંદોલનો ખૂબ જૂજ પ્રમાણમાં જોવા મળે છે. લોકોમાં સંપ અને એકતા જોવા મળે છે. અધર્મ કે અંધશ્રદ્ધા, પ્રપંચ, ઢોંગ ગુંડાગીરી, દાદાગીરી દેશમાં અશાંતિ ઊભી કરે છે. અઢળક નાણાં કમાવાની લહાયમાં દયા, કરુણા, પ્રેમ, માનવતા જોખમાય છે. પરંતુ આપણા તહેવારો માનવને માનવ તરીકે જીવવાનું શીખવે છે. પાપ, અત્યાચાર, વ્યભિચાર જેવાં દૂષણોથી દૂર રાખે છે.

સુરત - ગોપાળ પરમાર

રણછોડ કાકાની યાદો

૧૯ ઑક્ટોબર ૨૦૨૬ ના ગુ.મિત્ર.ની અક્ષરની આરાધના કટારમાં અમરસિંહ ઝેડ. ચૌધરીના જીવન-કવન અંગેના પુસ્તકની સમીક્ષાના અંતે સંપાદકશ્રીએ અન્ય મહાનુભાવોના ઉલ્લેખ સાથે રણછોડદાસ પોપાવાળા જેવા અનેક લોકો વિશે આવા ગ્રંથો ઉપલબ્ધ થવા જોઈએ એવું સૂચન કર્યું. આ વાંચીને હું મારી અનેક મધુર સ્મૃતિઓમાં ખોવાઈ ગયો. જીવનનાં પ્રારંભિક વરસો સોનીફળિયા મેઈન રોડ પર રણછોડદાસ પોપાવાળાના ઘરની સામે જ રહીને અમે વિતાવ્યાં હતાં. સુરત શહેરની લાયન્સ, રોટરી, ચેમ્બર ઑફ કૉમર્સ વગેરે ક્લબના સ્થાપક તેઓશ્રી જ હતા. ઉધના ઉદ્યોગ નગર એમનું જ સ્વપ્ન હતું. સુરત આયુર્વેદિક હોસ્પિટલ અને કૉલેજ, સુરત પાંજરાપોળ, જીવનભારતી મંડળ, સુરત એજ્યુકેશન ટ્રસ્ટ વગેરે અનેક સંસ્થાઓમાં તેઓ પ્રમુખ હતા, જાહેર કાર્યક્રમમાં પ્રમુખ તરીકે તેમનાં પ્રવચનો મનનીય તથા ચિંતનીય રહેતાં. રણછોડ કાકાને હાર્દિક નમસ્કાર.

સુરત - ડૉ. ચૈતન્ય ઉપાધ્યાય

શું આવી છે સ્માર્ટ સિટીની ફૂડ સેફ્ટી વ્યવસ્થા?

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા સુરતમાં ખાદ્ય સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. તહેવારો નજીક આવે ત્યારે જ મહાનગરપાલિકાનો ફૂડ વિભાગ મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં તપાસ, સેમ્પલ લેવાની કાર્યવાહી અને અખબારી જાહેરાતો શરૂ કરે છે. પરંતુ ખાદ્ય સુરક્ષા શું માત્ર તહેવારો પૂરતી જ મર્યાદિત છે? તહેવારના બે-ત્રણ દિવસ પહેલાં લેવાયેલા સેમ્પલના રિપોર્ટ માટે 14 દિવસ જેટલો સમય લાગે છે. ત્યાં સુધીમાં હજારો નાગરિકો એ ખાદ્ય પદાર્થો આરોગી ચૂક્યા હશે. જો તેમાં ભેળસેળ કે હાનિકારક કેમિકલ હોય તો જવાબદાર કોણ? શું સુરત જેવા મહાનગરમાં તાત્કાલિક પ્રાથમિક ફૂડ ટેસ્ટિંગની વ્યવસ્થા નથી, જેથી શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનું વેચાણ સમયસર અટકાવી શકાય? માત્ર સેમ્પલ લેવાના ફોટા અને અખબારી નિવેદનોથી નાગરિકોના આરોગ્યનું રક્ષણ થતું નથી. નિયમિત તપાસ, ઝડપી રિપોર્ટ, ભેળસેળ કરનાર સામે કડક કાર્યવાહી અને પારદર્શક માહિતી જરૂરી છે. સ્માર્ટ સિટીનો અર્થ માત્ર સુંદર રસ્તા અને વિકાસનાં દાવા નથી, પરંતુ નાગરિકોના આરોગ્યની સુરક્ષા પણ છે. ફૂડ સેફ્ટી તહેવારલક્ષી અભિયાન નહીં, સતત જવાબદારી છે. કોઈ ગંભીર ઘટના બને તેની રાહ જોયા વિના તંત્ર જાગે તે જરૂરી છે. સુરતની જનતાનું આરોગ્ય 14 દિવસના લેબોરેટરી રિપોર્ટની રાહ જોઈ શકે તેમ નથી.

સુરત - આશિષ ટેલર

વિવિધ ભારતીના કાર્યક્રમો શ્રોતાઓથી દૂર કેમ?

૧ નવેમ્બર, ૨૦૨૬થી વિવિધ ભારતીની રાષ્ટ્રીય મનોરંજન સેવાએ કાર્યક્રમોના સમયમાં ફેરફાર કર્યો છે. તેના કારણે માત્ર એફએમ રેડિયો પર વિવિધ ભારતી સાંભળતા શ્રોતાઓ માટે ફોન-ઈન કાર્યક્રમ 'હેલો ફરમાઈશ' અને શ્રોતાઓના પત્રો આધારિત 'મન ચાહે ગીત' સાંભળવાનું મુશ્કેલ બન્યું છે. અત્યાર સુધી સ્થાનિક એફએમ કેન્દ્રો મોટાભાગે આ કાર્યક્રમોનું પ્રસારણ કરતાં હતાં. સુરતમાં પણ 'હેલો ફરમાઈશ'ની શરૂઆતની ૧૫ મિનિટ એક પ્રાયોજિત કાર્યક્રમને કારણે કપાતી હતી. હવે આ બંને લોકપ્રિય કાર્યક્રમો સવારે ૧૧થી ૧૨ના સ્લોટમાં ખસેડાયા છે. જ્યારે દેશનાં મોટાભાગનાં સ્થાનિક કેન્દ્રો સવારે ૧૦થી ૧૨ દરમિયાન સ્થાનિક પ્રસારણ કરતાં હોવાથી રાષ્ટ્રીય કાર્યક્રમોનો લાભ શ્રોતાઓ મેળવી શકશે નહીં. રાત્રે ૧૧થી ૧૨ના પુનઃપ્રસારણમાં પણ સુરત કેન્દ્ર પરથી માત્ર ૧૧.૧૦ સુધી જ સહપ્રસારણ થાય છે. તો શું રાષ્ટ્રીય પ્રસારણ સેવા, સ્થાનિક કેન્દ્રો અને સેન્ટ્રલ સેલ્સ યુનિટ વચ્ચે યોગ્ય સંકલન શક્ય નથી? લોકભાગીદારી અને વિશેષ મુલાકાતો આધારિત આવા લોકપ્રિય કાર્યક્રમો માટે શ્રોતાઓને ઈન્ટરનેટ પર નિર્ભર રહેવાની ફરજ પાડવી કેટલી યોગ્ય છે? ઈન્ટરનેટના સિગ્નલની અનિયમિતતા પણ એક સમસ્યા છે. રેડિયોના પરંપરાગત શ્રોતાઓના હિતમાં સમયનું પુનઃઆયોજન થવું જોઈએ.

સુરત - પિયુષ મહેતા